ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૫૪ ટકા

# શહેરમાં હજુ થિયેટરો ૧૫ દિવસ બાદ ખુલશે

## કોરોનાના કેસ ભલે ઘટયા હોય પરંતુ કોઈ નવી ફિલ્મ રીલીઝ થવાની ન હોવાથી થિયેટરો-મલ્ટીપ્લેકસ ખુલે તેવી કોઈ શકયતા દેખાતી નથી

ગાંધીનગર, તા.૫

કોરોનાના કેસમાં ખૂબ ઘટાડો જોવા મળી રહ્યો છે. મોટાભાગના બજારો અને હરવાફરવાના સ્થળો ખુલી ગયા છે. મંદિરોમાં ખૂબ ભીડ જોવા મળી રહી છે. જોકે હજુ મલ્ટીપ્લેકસ અને થિયેટર ખૂલે તેવી શકયતા દેખાતી નથી. પ્રોડયુસરો નવી ફિલ્મ રીલીઝ કરવાનું જોખમ ઉઠાવવા માંગતા નથી. નવી ફિલ્મો આવવાની ન હોવાથી થિયેટર માલિકો થિયેટર ખોલવાના મૂડમાં નથી.

કોરોનાના કેસમાં ઘટાડો થતાં ગાંધીનગરમાં મોટાભાગના ધંધાઓ રાબેતા મુજબ શરૂ થઈ ગયા છે. સરકારે સિનેમાગૃહો, મલ્ટિપ્લેકસ, ઓડિટોરિયમને ૫૦ ટકાની ક્ષમતા સાથે ચાલુ કરવાની છૂટ આપી છે. જો કે સરકાર દ્વારા મંજુરી આપવામાં આવી હોવા છતાં ગાંધીનગરના તમામ મલ્ટિપ્લેક્સ, સિનેમાગૃહોના દ્વાર બંધ જ રહ્યા છે.

અનેક મલ્ટિપ્લેકસ પાસે હાલમાં પૂરતો સ્ટાફ પણ નથી. ગાંધીનગરમાં સેકટર-૧૧, સેકટર-૨૧ તથા સેકટર-૧૬માં થીયેટર્સ આવેલા છે. જાણકારોના મતે કોરોનાના કેસ ઘટવાની સ્થિતિ યથાવત રહી તો પણ થિયેટર્સ સંપૂર્ણપણે શરૂ થવામાં હજુ વાર લાગી શકે છે. આ માટેનું કારણ એ છે કે હાલમાં કોઈ ફિલ્મ રીલિઝ થવાની નથી. ગુજરાતીમાં ૩૦-૪૦ ફિલ્મો રીલિઝ માટે તૈયાર છે પરંતુ વર્તમાન સ્થિતિમાં કોઈ પ્રોડયુસર ફિલ્મ રીલિઝ કરવાનું જોખમ લેવા માંગે નહીં તે સ્વાભાવિક છે. ૧૫ મહિનાથી સિનેમાગૃહો બંધ અવસ્થામાં છે. સરકારે સિનેમા ઘરો, મલ્ટીપ્લેકસને એક વર્ષ સુધી પ્રોપર્ટી ટેકસ અને વીજ બીલના ફિકસ ચાર્જમાંથી મુકિત આપી છે. કોરોનાની બીજી લહેરબાદ બે મહિના કરતાં વધુ સમય થિયેટરો બંધ રહ્યા હતા જેને કારણે મોટા ભાગના થિયેટરોમાં સ્ટાફ નથી, સાફસફાઈ બાકી છે ટેકનિકલ સમસ્યાઓ છે. આ તમામ વ્યવસ્થા ફરીથી ઉભી કરીને થિયેટર શરૂ કરવામાં આવશે. તમામ સુવિધા ઉભી થાય ત્યાર બાદ શહેરમાં થિયેટર શરૂ કરવામાં આવશે પરંતુ હાલની પરિસ્થિતિમાં તાત્કાલિક કોઈ થિયેટર ખોલી શકાય તેમ નથી.





# સેકટર-૩૦ મુક્તિધામના કોરોના વોરિયર્સ કર્મયોગીઓનું સન્માન કરાયું



ગાંધીનગર, તા.૫

કોરોના કાળમાં પોતાના સ્વજનની જેમ અંતિમ સંસ્કારની વિધિ રાત દિવસ જોયા વગર અવિરત કરી હતી તેવા ગાંધીનગરના સેકટર-૩૦માં આવેલ મુક્તિધામ ખાતે કોરોના વોરીયર્સની માણસા આનંદી માં ના વડલાના માનદ્ મેનેજિંગ ટ્રસ્ટી અને સેવાનુરાગી એવા દિનેશભાઈ વ્યાસ અને સેવાભાવી ટ્રસ્ટી ભરતભાઈ પટેલ અને મુક્તિધામનાના સંચાલક જીલુભાભાઈ ધાંધલની ઉપસ્થિતમાં કોરોના વોરીયર્સની વંદના અને સન્માનપત્રથી સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. માણસા ખાતે અનેકવિધ સેવાકાર્ય કર્તા સેવાનુરાગી દિનેશભાઈ વ્યાસે આ પ્રસંગે ભાવુક બની શિવજીની તપોભુમિ એવા મુક્તિધામમાં પોતાના પરિવારની ચિંતા કર્યા વિના મુક્તિધામમાં આવનાર પુણ્યાત્માના અંતિમ સંસ્કારની વિધિ પોતાના સ્વજનની જેમ રાત દિવસ જોયા વિના સેવાના ભાવ સાથે સેવાકાર્ય કરતા શિવજીના આરાધકો એવા કર્મયોગીઓના દર્શન કરીને તેઓની વંદના કરવાની અને સન્માનિત કરવાની જે તક પ્રાપ્ત થઈ છે તે બદલ સંચાલક જીલુભા ધાંધલનો આભાર વ્યક્ત કર્યો હતો. જીલુભા ધાંધલે પણ સેવાનુરાગી દિનેશભાઈ વ્યાસની માણસા ખાતે આનંદી માં ના વડલા દ્વારા થતાં સેવાકાર્યોને બિરદાવ્યા હતા.



દરેક ઋતુના ફળ અને શાકભાજી આરોગવાની એક અલગ જ મજા છે. વરસાદ ભલે ઓછો, આવ્યો હોય પરંતુ ચોમાસાનો પ્રારંભ થઈ ગયો છે. આખા વર્ષમાં માત્ર ચોમાસામાં જ જોવા મળતા કંકોડા બજારમાં આવી ગયા છે. આમ તો વગડાના વેલાની શાકભાજી કહેવાતા કંકોડા હાલ ખૂબ જ ઉંચા ભાવે બજારમાં મળી રહ્યા છે પરંતુ સ્વાદના શોખીનો તેને ખરીદતા અચકાતા નથી. ચોમાસા દરમિયાન કંકોડાનું શાક બે ત્રણ વાર તો ખાવું જ પડે ભલે ને મોંઘા હોય...!

## 'ગટ્ટુ માય ફ્રેન્ડ'ને બે રેકોર્ડ બુકસમાં સ્થાન મળ્યું

ગાંધીનગરના ફિલ્મ નિર્માતા જગદીશ સોની નિર્મિત-દિગ્દર્શિત ફિલ્મ 'ગટ્ટુ માય ફ્રેન્ડ' જેમાં વામણી ઉંચાઈ ધરાવતા એક સાથે છ કલાકારોએ અભિનય કર્યો હોવાથી તે આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ ફિલ્મ ગુજરાતી ફિલ્મોના ઈતિહાસમાં સૌ પ્રથમ એવી ફિલ્મ છે જેને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડસ અને ઓએમજી બુક ઓફ રેકોર્ડસ એવી બે રેકોર્ડસ બુકસમાં સ્થાન પ્રાપ્ત થયું છે જેના પગલે ફિલ્મને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પ્રાપ્ત થવા પામી છે.






ચોમાસાની સિઝન શરૂ થઈ ચુકી છે. આકાશમાં વાદળોની દોડાદોડ ચાલુ છે. ભલે હમણાં બહુ વરસાદ નથી પરંતુ સારા ચોમાસાની આશા સૌને છે. ચોમાસાની ઋતુમાં કરેલું વૃક્ષારોપણ સફળ થાય છે અને આ સમયે ઉછેરેલા વૃક્ષોને બહુ માવજતની જરૂર પડતી નથી. સેકટર-૧૬ મહાત્મા ગાંધી વિદ્યામંદિર ખાતે ચોમાસાની ઋતુના પ્રારંભે કરાયેલું વૃક્ષારોપણ શાળાના પ્રાંગણને વધુ હરિયાળુ બનાવશે.

## ન્યુ ગાંધીનગર વિસ્તારમાં કુડાસણ કેળવણી મંડળનું વૃક્ષારોપણ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના કુડાસણ ખાતે 'એપોલો ઈન્ટરનેશનલ સ્કુલ' જેની સાથે કુડાસણ કેળવણી મંડળ જોડાયેલું છે તેના દ્વારા લાયન્સ કલબ ફેમિના સાથે મળીને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ વૃક્ષારોપણ કાર્યક્રમ શહેરના ન્યુ ગાંધીનગર વિસ્તારને પણ 'ગ્રીન ગાંધીનગર' બનાવવાના ભાગરૂપે આયોજિત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં બંને સંસ્થાના હોદ્દેદારો જોડાયા હતા.

# પેથાપુરમાં 'આપ'નું સદસ્યતા અભિયાન



ગાંધીનગર, તા.૫

આમ આદમી પાર્ટી દ્વારા ગાંધીનગર મહાનગર પાલિકાનો જંગ જીતવા એડીચોટીનું જોર લગાવાઈ રહ્યું છે. શહેરના વોર્ડનં. ૨માં પેથાપુર ખાતે ઉમેદવારો દ્વારા સદસ્યતા અભિયાન યોજીને પાર્ટીની તાકાત વધારવા પ્રયાસ કરવામાં આવ્યા હતા જેમાં યુવાનો-વડીલોને પાર્ટીની વિચારધારાથી વાકેફ કરાવી મનપામાં સત્તા પરિવર્તન માટે સાથ આપવા સમજાવાઈ રહ્યો છે, જો કે તેમના પ્રયાસોમાં કેટલી સફળતા મળશે તે તો આવનારો સમય જ કહેશે?

# સાધારણ પરિવાર, અભણ માતાપિતા અને દીકરાએ રાષ્ટ્રીય સ્તરે ડંકો વગાડયો !

ગાંધીનગર, તા.૫

અશક્ય ક્યારેય શક્ય હોતું નથી! એટલે કે, જો ધારો તો બધું શક્ય હોય છે! અભણ માતા, ધોરણ આઠ પાસ પિતા અને એમનો બાળક ભારતની પ્રતિષ્ઠિત એવી એનડીએ પરીક્ષા પાસ કરે, કેવું વિસ્મયી કહેવાય, આપણે વાત કરી રહ્યા છે આવા જ સાધારણ પરિવારથી આવતા યોગેશ કછવાહાની. સામાન્ય રીતે જે ખૂબ જ વિષમ કહી શકાય તેવી પરિસ્થિતિઓનો મક્કમતાથી સામનો કરી યોગેશ એ પોતાના લક્ષ્ય તરફ સફળ પગલું માંડ્યુ છે. ગુજરાતી માધ્યમમાં ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ કર્યો અને લોકોને લાગ્યું કે એન.ડી.એ. પાસ ન થઈ શકે આવા સામાન્ય વિદ્યાર્થીથી. યોગેશે હતાશ થયા વિના પરીક્ષા આપી પણ પ્રથમ પ્રયત્નમાં તે નિષ્ફળ પણ રહ્યો. સામાન્ય રીતે કોઈ વિદ્યાર્થી એ પ્રયાસ છોડી દીધો હોત, પણ આ યોગેશ હજી આગળ વધ્યો. યોગેશનો આ છેલ્લો પ્રયાસ હતો, પછી તેની વયમર્યાદા પૂરી થતી હતી. ખુબજ મહેનત કર્યા બાદ, દિવસના લગભગ ૧૨ કલાક વાંચ્યા બાદ, યોગેશનો રોલ નંબર જયારે એન.ડી.એ.ની પરીક્ષામાં ઉતીર્ણ થયેલા વિદ્યાર્થીઓમાં આવ્યો ત્યારે આ મેહનત સફળ થઈ. ડિફેન્સ યુનિકોર્નના માર્ગદર્શક હાર્દિક પરીખે યોગેશના આ વિક્રમી પ્રયાસને બિરદાવતા કહ્યું કે "યોગેશની અંદર જે સૌથી અલગ વસ્તુ છે એ છે તેનો આત્મવિશ્વાસ". યોગેશ હવે છેલ્લા તબ્બકા એટ્લે કે એસ. એસ.બી. ઈન્ટરવ્યૂની તૈયારી કરી રહ્યો છે. સંસ્થાના માર્ગદર્શક અને એસ.એસ.બી. ઈન્ચાર્જ ભૂતપૂર્વ કમાન્ડન્ટ ભારદ્વાજ સાહેબે જણાવ્યુ કે, "એસ.એસ.બી.માં અંગ્રેજીમાં વાતચીત કરવાની ક્ષમતા મહત્વની હોય છે. ખાસ કરીને એટલા માટે કારણ કે આ પરીક્ષા પાસ કર્યા બાદ આપ સીધા સેનામાં ઉચ્ચ અધિકારી તરીકે પદ સંભાળો છો". તેમણે ઉમેર્યુ હતું કે એક ભ્રમ છે "સેનામાં ઓફિસર બનવા અંગ્રેજી કડકડાટ આવડવું જોઈએ. પણ તેવું નથી. આપ અંગ્રેજીમાં સામાન્ય વાતચીત કરી શકો તે મહત્વનું છે અને તે પણ કરી શકે છે". યોગેશ પણ કરશે જ તેવી આશા તેમણે બતાવી હતી. સામાન્ય સ્થિતિના લીધે સ્માર્ટફોન ના હોવાના કારણે યોગેશને ઘણી તકલીફ પડતી હતી. તે કમ્પ્યુટરનો ઉપયોગ કરતો તેવું હિતેન્દ્રસિંહ, કે જેઓ ડિફેન્સ યુનિકોર્નના યુનિટ હેડ છે, તે જણાવે છે.

એન.ડી.એ પરીક્ષા ખડકવાસલા, પુના સ્થિત નેશનલ ડિફેન્સ એકેડમીમાં પ્રવેશ માટેની પરીક્ષા છે જે દર વર્ષે બે વાર લેવામાં આવે છે.જે વિદ્યાર્થીઓ સંરક્ષણ ક્ષેત્રે ઓફિસર તરીકે જોડાવા માંગે છે એમના માટે આ પરીક્ષામાં ઉત્તીર્ણ થવું તે એકમાત્ર લક્ષ્ય હોય છે. ઉલ્લેખનીય છે આખા વિશ્વમાં એન. ડી. એ. એકમાત્ર એવી સંસ્થા છે જેમાં ત્રણે સેનાઓ – આર્મી, નેવી, અને એરફોર્સમાં – ઓફિસર જોડાવા માટે યોગ્ય તાલીમ આપવામાં આવે છે. આ પરીક્ષામાં ભારતભરમાંથી અંદાજિત સાડા ત્રણ લાખ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.



# ગાંધીનગર સાહિત્યસભાના સર્જકો પર સાહિત્ય અકાદમીના પુરસ્કારનો વરસાદ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર સાહિત્યસભા અને ગાંધીનગર શહેર માટે અત્યારે સર્જન ક્ષેત્રે ગૌરવની ક્ષણ આવી છે. ગાંધીનગર સાહિત્યસભાના પાંચ પાંચ સભ્યો આ વખતે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા જાહેર કરવામાં આવેલા પુરસ્કારની યાદીમાં સામેલ છે. માત્ર ગાંધીનગર નહીં, ગુજરાતમાં સાંપ્રત સમયમાં શ્રેષ્ઠ ગઝલકાર તરીકે જેમનું નામ આદર અને સન્માન પૂર્વક લેવાય છે એવા કવિ શ્રી કિશોર જિકાદરાને એમનાં 'પાંપણ વચ્ચે' ગઝલ સંગ્રહને તૃતીય પુરસ્કાર મળ્યો છે. કવિ શ્રી કિશોર જિકાદરા ગાંધીનગર સાહિત્યસભાના સલાહકાર છે જેઓ પૂર્વ મહામંત્રી રહી ચૂકયા છે અને એમના માર્ગદર્શનમાં ગાંધીનગર સાહિત્યસભા ઉચ્ચ શિખર પ્રાપ્ત કરી રહી છે.

ગાંધીનગર સાહિત્યસભાના પૂર્વ અધ્યક્ષ શ્રી નટવરભાઈ હેડાઉને ડબલ બોનાન્ઝા લાગ્યો છે. એમના બાળ નાટ્ય સંગ્રહ 'હવે હું ચૂપ નહીં રહું' અને બાળ વાર્તા 'સોનપરી આવી ખરી' ને દ્વિતીય પુરસ્કાર પ્રાપ્ત થયો છે. ગુજરાત ગૌરવ પુરસ્કાર વિજેતા ડૉ. ધ્વનિલ પારેખને એમનાં 'સમીક્ષિત'ને વિવેચન શ્રેણીમાં પુરસ્કાર મળ્યો છે. ગાંધીનગરના બાળ સાહિત્યકાર કીર્તિદા બ્રહ્મભટ્ટના બાળ કાવ્ય 'ફૂલોનો દરિયો' અને 'ચકલીબેનનું મોતી' વાર્તાને દ્વિતીય પુરસ્કાર આપવામાં આવ્યો છે. ટૂંકી વાર્તા સંગ્રહ 'માણસ ઉર્ફે, લાગણી ઉર્ફે, સંબંધ ઉર્ફે...' ના ડો. અનિલ ચૌહાણને તૃતીય પુરસ્કાર પ્રાપ્ત થયો છે. ગાંધીનગર સાહિત્યસભા માટે આ ગૌરવની ક્ષણ છે.




## જન્મદિને વધામણી



એલ. જે. રાજગુરુ
મો. ૯૪૨૭૯ ૬૬૬૮૧



શ્રેયસકુમાર
કમલેશભાઈ તરાલ
મો. ૯૮૭૯૯ ૧૫૩૯૧



સાત્વિક
નિલેષભાઈ મકવાણા



સચિન ભર્ગદેવ ભટ્ટ
મો. ૯૫૮૨૮ ૦૫૩૬૭

## સરકારી પેન્શનરોને પેન્શન ખાતું ખોલાવવા સુવિધાની માંગ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના નિવૃત્ત સરકારી અધિકારી મંડળ, સેકટર-૭ડીના પ્રમુખ સુમંતલાલ એમ. શાહે સીએમ અને ડેપ્યુટી સીએમને રાજય સરકારના પેન્શનરોને તેમના નજીકમાં આવેલ ગ્રામીણ બેંકમાં તેમનું પેન્શન ખાતું ખોલાવવાની સુવિધા આપવામાં આવે તેવી રજૂઆત કરેલ છે. ગુજરાતના બધા જ જિલ્લાઓમાં ગ્રામીણ બેંકોની એકંદરે ૭૫૪ બ્રાંચો સારી એવી ઉમદા બેકીંગ સેવા બજાવી રહી છે. આવી નજીકની ગ્રામીણ બેંકની બ્રાંચમાં રાજય સરકારના પેન્શનરો પોતાનું પેન્શન ખાતું ખોલાવી શકે અને દર માસે પેન્શન સરળતાથી મેળવી શકે તે અર્થે સત્વરે નિર્ણય લઈ ગુજરાત ગ્રામીણ બેંકોનો સમાવેશ કરી ઓથોરાઈઝ કરવા માંગ કરી છે.

## આજે ગાંધીનગરમાં સોની સમાજની મહત્વની બેઠક

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના ઈન્ફોસિટી રીસોર્ટસ ઈન્દ્રોડા સર્કલ પાસે સોની સમાજના ભાજપા સંગઠનના ગુજરાતના પ્રમુખ આગેવાનો પ્રથમ વખત એકમંચ પર આવતીકાલે એકત્રિ થઈ રહ્યા છે. જેમાં ગુજરાત પ્રદેશ મંત્રી, જિલ્લા પ્રમુખ, જિલ્લા પ્રભારી, જિલ્લા મંત્રી, મહિલા મોરચા, યુવા સંગઠન, ચેરમેનશ્રી, પૂર્વ ચેરમેનશ્રી, નગરપાલિકા પ્રમુખ, તાલુકા પ્રમુખ, કોર્પોરેટર્સ વગેરે ઉપસ્થિત રહેશે. સમાજને એક કરવા તથા સમાજનું સંગઠન મજબૂત બને તેવા હેતુથી પ્રથમ બેઠક ગાંધીનગર ખાતે યોજાઈ રહી છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. બિહોલા હીરાબેન ભારથાજી, ઉ.વ. ૮૩, પાલજ
- સ્વ. પટેલ ડાહીબેન બચુભાઈ, ઉ.વ. ૯૮, આલમપુર